

Title-Code:-GUJGUJ18109

www.gujaratatmiyata.in
E-mail :gujaratatmiyata@gmail.com

(સોશ્યલ મિડીયા)

# ગુજરાત આત્મીયતા

GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT ગુજરાતી સાપ્તાહિક (સુરત)

તંત્રી- હિમાંશુ કે. ઠાકોર Mo- 9016924808 સહતંત્રી-હિમાબેન એચ. ઠાકોર

YEAR-03, ISSUE- 34,(SURAT), DATE-11/02/2026, WEDNESDAY, EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR, Off- LIMDA FALIYA, VTC. PALI,PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ,SURAT. GUJARAT-394310, PAGE-04, PRICE-02/-

વર્ષ-૦૩, અંક-૩૪, (સુરત), તા.૧૧/૦૨/૨૦૨૬ બુધવાર તંત્રી- હિમાંશુભાઈ કાંતિલાલ ઠાકોર, ઓફીસ-લિમડા ફલિયા, વી.ટી.સી.પાલી., પોસ્ટ-હલધરૂ. સબ ડિસ્ટ્રીકટ-કામરેજ, સુરત. પાના-૦૪ કિંમત ૦૨/- રૂ.



2 જમીનનું યોગ્ય વળતર આપવાની ખાતરી નહી મળતા ખેડૂતોએ જમીન આપવાનો ઇનકાર કર્યો

3 સોનગઢમાં અવાવરું જગ્યાએથી ૩૦ ભેસ ભરેલી બે ટ્રકો પકડાઈ

4 ઠાકોર-રબારી બાદ હવે બ્રહ્મ સમાજ બનાવશે 'સામાજિક બંધારણ', લગ્નમાં થતા ખોટા ખર્ચ પર મુકાશે બ્રેક


## ન્યૂઝીલેન્ડમાં હરિ પ્રબોધમનો ભક્તિ ઉત્સવ, વડાપ્રધાને મુલાકાત લીધી








### ન્યુઝીલેન્ડમાં સનાતન સંસ્કૃતિનો મહોત્સવઃ હરિ સુમિરન કોમ્યુનિટી સેન્ટરનું ભવ્ય લોકાર્પણ

**નવી દિલ્હી** -ન્યૂઝીલેન્ડમાં આયોજિત હરિ પ્રબોધમ ભક્તિ ઉત્સવ દરમિયાન હરિ પ્રબોધમ પરિવારના પ્રબોધ સ્વામી સાથે ન્યૂઝીલેન્ડના વડાપ્રધાન ક્રિસ્ટોફર લક્સનની વિશેષ મુલાકાત યોજાઈ હતી. આ પ્રસંગે ભારતીય સંસ્કૃતિ, આધ્યાત્મિક મૂલ્યો અને હરિ પ્રબોધમ સંસ્થાના કાર્યની પ્રશંસા કરવામાં આવી હતી.

૭ ફેબ્રુઆરીના રોજ ગુરુહરિપ્રબોધસામીજી અને ન્યુઝીલેન્ડના પ્રધાનમંત્રી ક્રિસ્ટોફર લક્સનના હાથે નૂતન કમ્યુનીટી સેન્ટરનું લોકાર્પણ કરવામાં આવ્યું. આ ઉત્સવના ભાગ રૂપે સાંસ્કૃતિક કાર્યક્રમ અંતર્ગત મુખ્ય અતિથિના સ્થાને ન્યુઝીલેન્ડના પ્રધાનમંત્રી ક્રિસ્ટોફર લક્સન ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે વર્તમાન સરકારનું પ્રતિનિધિત્વ કરનાર બીજા અનેક સાંસદો અને સરકારના ઉચ્ચ અધિકારીઓની પણ હાજરી રહી હતી. પ્રધાન મંત્રી સૌપ્રથમ હરિ સુમિરન કમ્યુનીટી સેન્ટરની મુલાકાત લીધી. અને ભારતીય પરંપરા પ્રમાણે પૂજન કરીને આશીર્વાદ લીધા. ત્યાંથી મુખ્ય મંદિરના સ્થાન પર પધાર્યા. ત્યાં ખાત મુહુર્તની પ્રથાના પ્રતિક રૂપે જમીન પરથી માટી ખોદી ! ત્યાર બાદ તેઓ સાંસ્કૃતિક કાર્યક્રમના આયોજન સ્થળ પર પધાર્યા.

ઉત્સવના હોલ પર આવીને વડાપ્રધાને યુવાનો સાથે ઉત્સાહભેર સંવાદ કરી, સેલ્ફી લઈને યુવાનોને પ્રોત્સાહિત કર્યા અને દેશ અને વિદેશમાં નારી ઉત્કર્ષ અને નારી સશક્તિકરણનું કાર્ય કરનાર પૂજ્ય સાધ્વી બહેનોને મળ્યા હતા. આયોજન સમિતિ વતી તેમને એક વિશિષ્ટ પ્રતીકાત્મક સ્મૃતિ ભેટ આપીને તેમનું સન્માન કરવામાં આવ્યું.

દેશ વિદેશથી પધારેલા લગભગ ૧૮૦૦ કરતાં વધુ ભક્તોથી ભરેલા સભાહોલમાં ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું, સાંસ્કૃતિક કાર્યક્રમ દરમિયાન વડાપ્રધાને પ્રભાવશાળી વક્તવ્ય આપ્યું હતું. તેમણે ગુરુહરિ પ્રબોધસામીજી સહીત ઉત્સવમાં ભાગ લેનારા તમામ આમંત્રિત મહેમાનો અને આયોજકોનું ઉષ્મા ભર્યું સ્વાગત કર્યું. તેમણે કહ્યું કે સ્વામીજીના આશીર્વાદ સાથે શરુ થયેલ અને માત્ર સમાજ કલ્યાણની ભાવના સાથે દાનમાં અપાયેલ ધનરાશી દ્વારા સંપન્ન થયેલ આ પ્રોજેક્ટ સામુદાયિક એકતાનું એક વિશિષ્ટ ઉદાહરણ છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કરતાં કહ્યું કે, આ સેન્ટરના માધ્યમથી યુવાનોને પોતાની ઓળખ મળશે, તેમનો આત્મવિશ્વાસ વધશે અને તેમને સમાજમાં એક શ્રેષ્ઠ સ્થાન પ્રાપ્ત થશે.

## પબજીની લતનો ભયાનક અંજામ, મેરઠમાં મોડી રાતે ગેમ રમતાં યુવકનું મગજની નસ ફાટી જતાં મોત



ઉત્તર પ્રદેશના મેરઠમાં એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે, જ્યાં પબજી ગેમની લતેએક યુવકનો જીવ લઈ લીધો છે. ખૈરનગર ગૂલર વાળી ગલીમાં રહેતા પ્રોપર્ટી ડીલર ફારુકનો ૨૨ વર્ષીય પુત્ર મોહમ્મદ કૈફ શુક્રવારે રાત્રે હેડફોન લગાવીને મોબાઈલ પર પબજી ગેમ રમી રહ્યો હતો.

પરિજનોના જણાવ્યા અનુસાર, મોડી રાત્રે લગભગ ત્રણ વાગ્યે ગેમ રમતા રમતા કૈફ પલંગ પરથી નીચે પડી ગયો હતો. જ્યારે પરિવારજનોએ તેને જોયો અને હોસ્પિટલ લઈ ગયા, ત્યારે તેનું બ્લડ પ્રેશર ૩૦૦ને પાર પહોંચી ગયું હતું. ડોકટરોએ તેની ગંભીર હાલત જોતા તેને તાત્કાલિક દિલ્હીની હોસ્પિટલમાં રીફર કર્યો હતો. જોકે, બે દિવસની સારવાર છતાં રવિવારે સવારે કૈફનું દુઃખદ અવસાન થયું હતું. ડોકટરોએ બ્લડ પ્રેશર અતિશય વધી જવાને કારણે મગજની નસ ફાટવી એ મોતનું કારણ જણાવ્યું હતું.

કૈફના નિધનથી પરિવારમાં શોકનો માહોલ છવાઈ ગયો છે, કારણ કે તે પરિવારનો એકમાત્ર પુત્ર હતો. કૈફના જીજા શાહિદે જણાવ્યું કે કૈફ છેલ્લા ચાર મહિનાથી મોબાઈલ પર ઓનલાઈન ગેમ્સ રમવાનો શોખીન બની ગયો હતો. અગાઉ તે રીલ્સ બનાવતો હતો, પરંતુ બાદમાં તેને પબજી ગેમની જીવલેણ લત લાગી હતી. પિતા ફારુકે કહ્યું કે કૈફ રાત-રાતભર મોબાઈલ પર પબજી ગેમ રમતો હતો અને ઘણીવાર મના કરવા છતાં તે માનતો નહોતો. આ ઘટનાએ ફરી એકવાર ઓનલાઈન ગેમ્સની ઘાતક અસરો પર ગંભીર ચિંતા ઊભી કરી છે.

### ૧૫૦૦ હરિભક્તોની હાજરીમાં કરાયું સ્તંભ સ્થાપન

## વ્યારામાં બનનારા સ્વામિ નારાયણ મંદિર માટે પ્રથમ સ્તંભ સ્થાપન



**વ્યારા-** BAPS સ્વામિનારાયણ સંસ્થા તથા વિશ્વભરમાં ફેલાયેલા લાખો અનુયાયીઓ માટે આનંદ, આસ્થા અને ઉત્સાહનો પર્વ સમાન એવા પરમ પૂજ્ય ગુરુહરિ મહંત સ્વામી મહારાજની ૯૨મી જન્મજયંતીની વ્યારા શહેરમાં ભવ્ય અને ભાવભીની ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે આધ્યાત્મિક ઉલ્લાસ અને ભક્તિભાવનું અનોખું દ્રશ્ય જોવા મળ્યું. વિનમ્રતા, કરુણા અને નિઃસ્વાર્થ સેવાના ત્રિવેણી સમાન મહંત સ્વામી મહારાજનું સમગ્ર જીવન માનવકલ્યાણ અને આધ્યાત્મિક પ્રેરણાનું ઉત્તમ ઉદાહરણ છે.

તેમના માર્ગદર્શન હેઠળ BAPS સંસ્થા દ્વારા વિશ્વભરમાં આધ્યાત્મિક, સામાજિક અને રાહત કાર્ય ક્ષેત્રે નોંધપાત્ર સેવાઓ આપવામાં આવી રહી છે. જન્મજયંતી નિમિત્તે વ્યારામાં આયોજિત કાર્યક્રમમાં તેમના દિવ્ય જીવન અને ઉપદેશોને સ્મરણ કરવામાં આવ્યા.

આ સાથે, તાપી જિલ્લાના વિકાસતા શહેર વ્યારામાં બ્રહ્મસ્વરૂપ પ્રમુખ સ્વામી મહારાજ તથા પ્રગટ ગુરુહરિ મહંત સ્વામી મહારાજના દિવ્ય સંકલ્પથી નિર્માણ પામતા નવા આરસ શિખરબદ્ધ મંદિરના નિર્માણ કાર્યમાં મહત્વપૂર્ણ સોપાનરૂપે પ્રથમ સ્તંભ સ્થાપન વિધિ યોજાઈ. આ પાવન પ્રસંગે BAPS સંસ્થાના વરિષ્ઠ વિદ્વાન સંત પૂજ્ય આનંદ સ્વરૂપ સ્વામી, પૂજ્ય ધર્મચરણ સ્વામી, પૂજ્ય પુરુષોત્તમ ચરણ સ્વામી, સુરતના કોઠારી પૂજ્ય ઉત્તમ પ્રકાશ સ્વામી, નવસારીના કોઠારી પૂર્ણ કામ સ્વામી, સાંકરીના કોઠારી પૂજ્ય પુણ્ય દર્શન સ્વામી સહિત ગાંધીનગર, ગોંડલ, સુરત, નવસારી, સાંકરી અને સારંગપુર મંદિરોમાંથી સંતો પધાર્યા હતા. પ્રથમ સ્તંભ સ્થાપન વિધિમાં આશરે ૧૫૦૦ હરિભક્તોએ ભક્તિભાવપૂર્વક ભાગ લીધો હતો. સંતોના આશીર્વાદ, દર્શન અને પ્રસાદ પ્રાપ્ત કરીને હરિભક્તોએ આધ્યાત્મિક આનંદનો અનુભવ કર્યો હતો.

## વિધાનસભા સત્ર પૂર્વે સત્તાપક્ષની તૈયારી તેજ:કામકાજ સલાહકાર સમિતિ અને ભાજપ ધારાસભ્યોની મહત્વની બેઠક




આગામી ગુજરાત વિધાનસભાના સત્રને લઈને સચિવાલયમાં ગતિવિધિઓ તેજ બની છે. સત્રના કામકાજની રૂપરેખા અને વિધાનસભામાં રજૂ થનારા બિલોને લઈને કામકાજ સલાહકાર સમિતિની બેઠક ૧૨ ફેબ્રુઆરીના રોજ યોજાશે. આ બેઠકમાં મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી, વિધાનસભા અધ્યક્ષ, નાણાં મંત્રી અને પ્રવક્તા મંત્રી સહિત સરકારના મુખ્ય દંડક, કોંગ્રેસ પક્ષના નેતા સહિત કુલ ૧૦ સભ્યો હાજર રહેશે. બેઠકમાં વિધાનસભા સત્ર દરમિયાન રજૂ થનારા બિલો અને કામકાજ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવશે.

આ સાથે જ વિધાનસભા સત્ર પૂર્વે ભાજપના ધારાસભ્યોની અલગ બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. વિપક્ષ સરકારને ઘેરી ન શકે તે માટે રણનીતિ ઘડાશે. ૧૬ ફેબ્રુઆરીના રોજ વિધાનસભાના ચોથા માળે યોજાનારી બેઠકમાં મુખ્યમંત્રી તથા પ્રદેશ પ્રમુખ જગદીશ પંચાલ હાજર રહેશે. બેઠક દરમિયાન સરકારનો પક્ષ ગૃહમાં મજબૂતીથી રજૂ કરી શકાય તે માટે ધારાસભ્યોને માર્ગદર્શન અપાશે.


॥ શ્રી સદ્‌ગુરૂ કૃપા ॥
જીતેન્દ્રસિંહ પરમાર Mo. 97274 10292 94268 10292
શ્રીબાલાજી ડાઈનીંગ હોલ
ગુજરાતી થાળી મળશે.
જમવાનું ૧૩૦/-
પાર્સલ ૧૫૦/-
શુધ્ધ શાકાહારી સ્વાદીષ્ટ ભોજન તથા શુભ પ્રસંગે ડિશ પ્રમાણે ઓર્ડર લેવામાં આવશે.
મેરીયોટવિલા ની સામે, ઘામળોદ રોડ, બારડોલી

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક અખબાર (સુરત)
YouTube
www.gujarataatmiyata.in
ATMIYA PROPERTIES
Atmiya Propaties Bardoli
Mo: 9016924808
ખેતીલાયક જમીન . ફાર્મ હાઉસ .
દુકાન પ્લોટ ફ્લેટ . રો હાઉસ.
ખરીદવા અને વેચવા .લોન મેળવવા માટે .
બારડોલી માં ફ્લેટ અને રો હાઉસ
ભાડે થી આપવા અને લેવા માટે સંપર્ક કરો....
શાસ્ત્રી રોડ, બારડોલી

ગુજરાત આત્મીયતા

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT

## BAPS ના ૨૨૧ વિદ્યાર્થીઓના જાહેર માર્ગ પર ૪૫ હજાર દંડવત પ્રણામ

# અટલાદરામાં ધો. ૭ થી ૧૨ ના વિદ્યાર્થીઓની મહંત સ્વામી મહારાજ પ્રત્યેની ગુરુભક્તિનો અદ્ભુત નજારો સર્જાયો

વડોદરા- વડોદરાના અટલાદરા વિસ્તારમાં ભક્તિ અને શ્રદ્ધાનો અદભુત નજારો સામે આવ્યો હતો. BAPS સ્વામિનારાયણ વિદ્યામંદિર અટલાદરાના ધોરણ ૭થી ૧૨ ના ૨૨૧ વિદ્યાર્થીઓએ મહંત સ્વામી મહારાજ પ્રત્યે અપાર ગુરુભક્તિ વ્યક્ત કરવા માટે દંડવત યાત્રાનું આયોજન કર્યું હતું.



શાસ્ત્રો અનુસાર દંડવત પ્રણામ અહંકારના ત્યાગ અને આદર-સમર્પણનું સર્વોચ્ચ સ્વરૂપ ગણાય છે. આ ભાવને અનુરૂપ રાત્રિના ૯ વાગ્યાથી ૧ વાગ્યા સુધી ચાલેલી આ યાત્રામાં દરેક વિદ્યાર્થીએ જાહેર માર્ગ પર વ્યક્તિગત રીતે ૨૦૦ દંડવત પ્રણામ કર્યા હતા. આમ કુલ ૪૫૦૦૦ થી વધુ દંડવતો સાથે વિદ્યાર્થીઓએ અટલાદરા મુખ્ય માર્ગ પર ભક્તિ ઉમટી પડ્યા હતા.

આ યાત્રા વિદ્યામંદિરથી અટલાદરા મંદિર સુધીના આશરે ૧.૫ કિલોમીટર અંતરમાં પૂર્ણ થઈ હતી. રાત્રિના સમયે રોડ પર ટ્રાફિકના દૃશ્યો સર્જાયા હોવા છતાં બાળકોની અડગ તપશ્ચર્યા, નિષ્ઠા અને ભક્તિભાવ જોઈને વટેમાર્ગુઓ પણ આશ્ચર્યચકિત થઈ ગયા અને ભાવવિભોર થયા હતા. આજે સવારે પ્રાતઃપૂજા દર્શન દરમિયાન મહંત સ્વામી મહારાજે આ વિદ્યાર્થીઓને આશીર્વાદ આપ્યા હતા. તેમની ભક્તિને સ્વીકારી અને તેમને બિરદાવ્યા હતા.

### વિવિધ વિકાસ કામોનું ખાતમુહૂર્ત કરાયું

## પાલિકામાં વિલીનીકરણના ૮ માસ બાદ ચલથાણમાં વિકાસકામોના શ્રીગણેશ

કડોદરા- ચલથાણ ગામનો કડોદરા નગરપાલિકામાં સમાવેશ થયાના આઠ મહિનાના લાંબા સમયગાળા અને સ્થાનિક સ્તરે ઉઠેલા ભારે વિવાદો બાદ અંતે પાલિકા તંત્ર દ્વારા ચલથાણ વિસ્તારમાં વિકાસલક્ષી કાર્યો શરૂ કરવામાં આવ્યા છે.



ચલથાણની સ્વસ્તિક નગર સોસાયટીઓમાં અધૂરા રસ્તાઓ પર બ્લોક બેસાડવા તથા ગાયત્રીનગર નજીકના ગંદા પાણીના નિકાલ માટેના નાળા પાસે પ્રોટેક્શન વોલ બનાવવાના કામનું વિધિવત ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

પાલિકા દ્વારા હાથ ધરવામાં આવેલા પ્રાથમિક કાર્યોમાં મુખ્યત્વે બે કામોનો સમાવેશ થાય છે:

ભારે વિવાદ વંટોળ વચ્ચે આયોજિત આ ખાતમુહૂર્ત પ્રસંગે અનેક અગ્રણીઓ હાજર રહ્યા હતા, જેમાં સુરત જિલ્લા ભાજપના નવનિયુક્ત મહામંત્રી અંકુરભાઈ દેસાઈ તેમજ ચલથાણના માજી સરપંચ મહેન્દ્રભાઈ દેસાઈ અને માજી ઉપસરપંચ ભોળાભાઈ બુધેલીયા તેમજ કડોદરા નગરપાલિકાની ટીમ અને સ્થાનિક કાર્યકરો હાજર રહ્યા હતા.

વિલીનીકરણના ૮ મહિના સુધી કામગીરી ઠપ રહેતા ગ્રામજનોમાં જે રોષ જોવા મળતો હતો, તે આ કામો શરૂ થતા કંઈક અંશે શાંત પડ્યો છે.

જોકે, હવે સૌની નજર કડોદરા નગરપાલિકાના આગામી વાર્ષિક બજેટ પર છે. ચલથાણના રહીશો આશા રાખી રહ્યા છે કે આ બજેટમાં ગામના સર્વાંગી વિકાસ માટે મોટી ફાળવણી કરવામાં આવશે.

## તાપીઃ ઉકાઇના ભીમપુરા ગામે ગેરકાયદેસર ગેસ રીફીલીગના કૌભાંડનો પર્દાફાશ, પિતા-પુત્રની ધરપકડ



**વ્યારા, તાપીઃ** તાપી જિલ્લાની સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ શાખાએ ઉકાઇ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન એક સફળ ઓપરેશન પાર પાડી ગેરકાયદેસર ગેસ રીફીલીંગના કાળા બજાર કરતા બે ઇસમોને ઝડપી પાડ્યા છે.

એસ.ઓ.જી. શાખાના પોલીસ ઇન્સ્પેક્ટર કે.જી. લીબાચીયાના માર્ગદર્શન હેઠળ પોલીસ ટીમ ઉકાઇ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી. આ દરમિયાન પોલીસ કોન્સ્ટેબલ જયેશભાઇ બલીરામભાઇને ખાનગી રાહે બાતમી મળી હતી કે, ભીમપુરા ત્રણ રસ્તા પાસે મુકેશભાઇ રામાભાઇ ઉદમલ અને તેમનો પુત્ર રાજભાઇ પોતાના ઘરના ધાબા પર મોટા ગેસના બાટલામાંથી નાના બાટલાઓમાં ગેરકાયદેસર રીતે રીફીલીંગ કરી ઉંચા ભાવે વેચાણ કરે છે.

બાતમીના આધારે પોલીસે સ્થળ પર રેઇડ કરતા પિતા-પુત્ર રંગેહાથ ઝડપાઇ ગયા હતાઃ મુકેશભાઇ રામાભાઇ ઉદમલ (ઉં.વ. ૫૨), રાજભાઇ મુકેશભાઇ ઉદમલ (ઉં.વ. ૨૮), પોલીસે ઘટનાસ્થળેથી નીચે મુજબનો મુદ્દામાલ કબજે કર્યો છેઃ

ગેસના ભરેલા તેમજ ખાલી બાટલા, ઇલેક્ટ્રીક વજન કાંટો અને ગેસ રીફીલીંગ કરવાની પીન, ૦૧ નંગ મોબાઈલ ફોન અને રોકડા રૂ.૩,૦૦૦ કુલ કિંમતઃ રૂ.૫૪,૯૦૦ નો મુદ્દામાલ આ બંને ઇસમો વિરુદ્ધ પાસ-પરમીટ વગર ગેરકાયદે પ્રવૃત્તિ કરવા બદલ ઉકાઇ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે.આ સફળ કામગીરીમાં એસ.ઓ.જી.ના પી.આઈ. કે.જી. લીબાચીયાની સૂચના મુજબ એ.એસ.આઇ. અજયભાઇ દાદાભાઇ, એ.એસ.આઇ. રાજેન્દ્રભાઇ યાદવરાવ, હેડ કોન્સ્ટેબલ હીરેનભાઇ અને પોલીસ કોન્સ્ટેબલ જયેશભાઇ જોડાયા હતા.

### ખેડૂતોએ કર્યો જમીન સંપાદન પ્રક્રિયાનો વિરોધ

# જમીનનું યોગ્ય વળતર આપવાની ખાતરી નહી મળતા ખેડૂતોએ જમીન આપવાનો ઇનકાર કર્યો

વાંકલ- માંગરોળ તાલુકાના ભીલવાડા સહિત ૬ ગામોમાં રસ્તા માટે ની જમીન સંપાદન પ્રક્રિયા માટે પ્રાંત અધિકારી, મામલતદાર ની ઉપસ્થિતિમાં યોજાયેલી ગ્રામ સભામાં યોગ્ય વળતર ની ખાતરી નહીં મળતા ખેડૂતોએ જમીન આપવા વિરોધ દર્શાવ્યો હતો.

માંગરોળ તાલુકા મથકથી ભીલવાડા ગામને જોડતો માર્ગ ખાનગી માલિકી ની જમીન માંથી બનેલ છે આ માર્ગ નો ઉપયોગ લોકો કરતા હતા પરંતુ જીઆઈપીસીએલ કંપની ની વાલીયા માઇન્સમાંથી કોલસાનો વહન કરવા માટે કંપનીએ આ માર્ગનો ઉપયોગ શરૂ કરતાં ખેડૂતોએ કંપની ભાડા ની માંગણી કરી હતી.

પરંતુ સરકારના માર્ગ અને મકાન વિભાગ દ્વારા જમીન સંપાદન પ્રક્રિયા કરવામાં આવી ન હતી અને જીઆઇપીસીએલ કંપની ખેડૂતોને ભાડું ન આપતી હોવાથી ખેડૂતો એ કોર્ટના દરવાજા ખટખટ આવ્યા હતા જેથી કોર્ટ દ્વારા કોર્ટ કમિશન નિમિ જમીન સંપાદન કરવા માટે હુકમ કર્યો હતો.

જે અનુસંધાને પ્રાંત અધિકારી દ્વારા માંગરોળ, નાની પારડી શાહ ટીમ્બરવા, ભીલવાડા, હરસણી વગેરે ગામો માં ખાસ ગામ સભા જમીન સંપાદન માટે યોજવામાં આવી હતી જેમાં પ્રાંત અધિકારી કૌશિક જાદવ માંગરોળના મામલતદાર



એચ.વી. ચાવડા ઉપસ્થિત રહ્યા હતા ભીલવાડા ગામે ખેડૂતો દ્વારા જમીનનું યોગ્ય વળતર ખેડૂતોને ચૂકવવામાં આવે તેવી માંગણી કરવામાં આવી હતી.

આ સમયે પ્રાંત અધિકારી દ્વારા સરકાર ગામની જંત્રીના મુજબ ચાર ગણા ભાવે જમીન ખરીદી શકે પરંતુ ખેડૂતો દ્વારા જંત્રી ખૂબ ઓછી હોવાથી ખેડૂતોએ જમીન સંપાદન પ્રક્રિયાનો વિરોધ કરી જમીન આપવા અસહમતી દર્શાવી છે ગ્રામ સભામાં સર્વાનું મતે ઠરાવ કરાયો છે.

જેથી ઉપરોક્ત માર્ગનો વાલિયાની લિગ્નાઇટ માઇન માંથી લિગ્નાઇટ વહન કરવા માટે મહત્તમ ઉપયોગ કરનાર જીઆઈપીસીએલ કંપની માટે કપડા ચઢાણ દેખાઈ રહ્યા છે.

માંગરોળ તાલુકાના છ જેટલા ગામોમાં જમીન સંપાદન પ્રક્રિયા માટે ગ્રામસભા બોલાવવામાં આવી હતી સાથે ખેડૂતો દ્વારા જીઆઇપીસીએલ કંપની વિરુદ્ધ કેટલા મુદ્દાઓ ખેડૂતોએ અંગત રીતે રજૂ કર્યા હતા. જેમાં કંપનીનું સીઆરએસ ફંડ ૫% અસરગ્રસ્ત ગામોમાં આપવામાં આવતું નથી રોજગારી મળતી નથી મુખ્ય એન્વાયરમેન્ટ ક્લિયરન્સ મુદ્દે શરતોનું પાલન કંપની કરતી નથી કંપની કરોડો રૂપિયા ની કમાણી કરે છે છતાં સ્થાનિક ખેડૂતોને અન્યાય થઈ રહ્યો છે.

# મોતના કટ થી મુક્તિ માટે પલસાણા હાઈવે પર બ્રિજનું કામ શરૂ

બારડોલી- સુરત જિલ્લાના સૌથી વ્યસ્ત અને ટ્રાફિકથી ધમધમતા પલસાણા તાલુકાના નેશનલ હાઈવે ૪૮ પર આખરે રાહતના સમાચાર આવ્યા છે.

હાઈવે પર 'મોતના કટ' તરીકે કુખ્યાત બનેલા પોઈન્ટ્સ પર ઓવરબ્રિજ બનાવવાની કામગીરી પુરજોશમાં શરૂ કરી દેવામાં આવી છે. વર્ષ ૨૦૧૭માં તત્કાલીન કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયા અને સાંસદ સી.આર. પાટીલ દ્વારા આ પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું, પરંતુ રાજકીય ઉદાસીનતા કે ટેકનિકલ કારણોસર આ પ્રોજેક્ટ છેલ્લા ૬ વર્ષથી લટકી પડ્યો હતો.

લાંબી પ્રતિક્ષા બાદ હવે હાઈવે ઓથોરિટી દ્વારા કામગીરીને વેગ આપવામાં આવતા સ્થાનિકોમાં મિશ્ર પ્રતિસાદ જોવા મળી રહ્યો છે.

હાલમાં હાઈવે ઓથોરિટી દ્વારા મુખ્ય બે પોઈન્ટ્સ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. જેમાં કડોદરા ઈગ પંપ કટ અને ચલથાણ પાસે આવેલ પ્રિન્સ હોટલ કટનો સમાવેશ થાય છે. આ એવા પોઈન્ટ્સ છે જ્યાં ભૂતકાળમાં અનેક ગમખ્વાર અકસ્માતો સર્જાયા છે અને અનેક નિર્દોષ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે.

વર્ષ ૨૦૨૨માં આ અકસ્માતોની હારમાળાથી કંટાળીને સ્થાનિકોએ ઉગ્ર આંદોલન છેડ્યું હતું, જેના પરિણામે વહીવટી તંત્ર જાગ્યું અને હવે રૂ. ૨૪૬ કરોડના ખર્ચે ૬-લેન હાઈવે અને ઓવરબ્રિજનું આયોજન



સાકાર થઈ રહ્યું છે. આ પ્રોજેક્ટ પૂર્ણ થવાથી ૧૨થી વધુ ગામોના લોકોને ટ્રાફિકની સમસ્યામાંથી કાયમી મુક્તિ મળશે.

જોકે, વિકાસની આ કામગીરી અત્યારે વાહનચાલકો માટે 'સિરદર્દ' સાબિત થઈ રહી છે. એક તરફ ઓવરબ્રિજ બની રહ્યો છે, તો બીજી તરફ સર્વિસ રોડને સીસીરોડ બનાવવાની કામગીરી ચાલી રહી છે. આના કારણે મુખ્ય રસ્તો સાંકડો થઈ ગયો છે.

સુરતથી અમદાવાદ અને મુંબઈ તરફ જતા હજારો વાહનો, ખાસ કરીને ચલથાણ સુગર ફેક્ટરીના ભારદારી વાહનો અને ઔદ્યોગિક એકમોના ટ્રકોને કારણે સર્વિસ રોડ પર કીડીવેગે ટ્રાફિક સરકી રહ્યો છે. સ્થાનિક સરપંચ મહેન્દ્રભાઈ દેસાઈના જણાવ્યા અનુસાર, જો આ કામગીરી યુદ્ધના ધોરણે પૂરી કરવામાં નહીં આવે તો લોકોનો રોષ ફાટી નીકળી શકે છે.

હાલમાં હાઇવેની બાજુમાં બંને બાજુ ચલથાણ સુધીના સર્વિસ રોડના સીસીરોડની કામગીરી પણ ચાલી રહી છે. જેને કારણે વાહન ચાલકો ચલથાણમાં જતાં અટવાય રહ્યા છે. કડોદરા અને ચલથાણ એ વિસ્તારના મુખ્ય પ્રવેશદ્વાર હોવાથી અહીં વાહનોનું ભારણ સૌથી વધુ રહે છે.

નિર્માણ કાર્યને લીધે રસ્તો બ્લોક થતા લોકોને ભારે હાલાકી પડી રહી છે. સ્થાનિકો દ્વારા આ ટ્રાફિક સમસ્યાના ઉકેલ માટે તાકીદે કોઈ વૈકલ્પિક વ્યવસ્થા કે ડાયવર્ઝન આપવાની માંગ ઉઠી છે.

## બાબેનમાં વિઘ્નેશ્વર મંદિરની પ્રથમ સાલગીરીઃશિવ મહાપુરાણ કથા અને કળશયાત્રાનું આયોજન




બારડોલી- બાબેનના ગોપાલ નગર સોસાયટીમાં આવેલા શ્રી વિઘ્નેશ્વર મહાદેવ મંદિરની પ્રથમ સાલગીરી નિમિત્તે શ્રી શિવ મહાપુરાણ કથાનું આયોજન કરવામાં આવ્યું છે. મહાશિવરાત્રીના પાવન પર્વ નિમિત્તે આ ધાર્મિક મહોત્સવ ૯ ફેબ્રુઆરીથી ૧૫ ફેબ્રુઆરી સુધી ચાલશે.

મહોત્સવના પ્રારંભે સોમવારે સવારે બાબેન તળાવ કિનારે આવેલા અંબાજી મંદિરેથી એક વિશાળ કળશયાત્રા નીકળી હતી. આ યાત્રા ભક્તિભાવપૂર્વક કથા મંડપ સુધી પહોંચી હતી, જેમાં મોટી સંખ્યામાં મહિલા ભક્તો, યુવાનો અને અન્ય શ્રદ્ધાળુઓ ઉત્સાહભેર જોડાયા હતા.

આ શિવ મહાપુરાણ કથાનું રસપાન પરમ પૂજ્ય લલિતજી નાગર (સેંધવા, મધ્યપ્રદેશ) પોતાની મધુર વાણી દ્વારા કરાવશે. કથા દરમિયાન શિવભક્તોમાં ધર્મભાવ અને આધ્યાત્મિક ચેતનાનો સંચાર થાય તે હેતુથી ૧૧ હજાર રૂદ્રાક્ષનું નિઃશુલ્ક વિતરણ કરવાનો લક્ષ્યાંક પણ રાખવામાં આવ્યો છે.

આ કથા આયોજનનો મુખ્ય ઉદ્દેશ ભારતીય સંસ્કૃતિ અને સનાતન ધર્મના મૂલ્યો અંગે જાગૃતિ ફેલાવવાનો છે, ખાસ કરીને યુવાનોને આધ્યાત્મિક અને સામાજિક કાર્યોમાં જોડાવવા પ્રેરિત કરવાનો છે. કથા સમાપનના દિવસે મહાયજ્ઞ અને વિશાળ ભંડારાનું આયોજન કરવામાં આવશે, જેમાં તમામ ભક્તોને પ્રસાદ ગ્રહણ કરવાનો લાભ મળશે.

## ચલથાણ બજાર પાસે દારૂના મોટા જથ્થા સાથે ટેમ્પો ઝડપાયો

બારડોલી- સુરત ગ્રામ્યના કડોદરા જી.આઈ.ડી.સી. પોલીસ સ્ટેશન વિસ્તારમાં પોલીસે બાતમીના આધારે ઓપરેશન હાથ ધરીને વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે.

ચલથાણ બજાર બસ સ્ટેન્ડ પાસે જાહેર રોડ પર વોચ ગોઠવીને પોલીસે શંકાસ્પદ આઈસર ટેમ્પાને અટકાવ્યો હતો. તલાશી લેતા ટેમ્પામાંથી ખાખી પૂંઠાની આડમાં છુપાવેલ ભારતીય બનાવટના વિદેશી દારૂની નાની-મોટી ૧૦૪૮ બોટલો અને બિયરના ટીન મળી આવ્યા હતા, જેની કિંમત રૂ. ૩,૬૩,૧૦૦ થાય છે.

પોલીસે દારૂના જથ્થા ઉપરાંત રૂ. ૫,૦૦,૦૦૦ ની



કિંમતનો આઈસર ટેમ્પો (રજી. નં. DD-૦૧-K-૯૭૩૩), મોબાઈલ ફોન અને અન્ય વસ્તુઓ મળી કુલ રૂ. ૧૦,૭૩,૫૪૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

આ મામલે પોલીસે સ્થળ પરથી બે આરોપીઓ, જીતલાલ બાલગોવિંદ અને કલ્પેશ અજય સીરસાઠની અટકાયત કરી છે. પ્રાથમિક પૂછપરછમાં જાણવા મળ્યું છે કે દારૂનો આ જથ્થો દમણના વિકાસભાઈએ મોકલાવ્યો હતો અને તે સુરતના રાજુનગર ખાતે રહેતા ઉર્મિલાબેનને પહોચાડવાનો હતો.

પોલીસે માલ મોકલનાર અને મંગાવનાર સહિત અન્ય આરોપીઓને વોન્ટેડ જાહેર કરી આગળની તપાસ હાથ ધરી છે

## મંદબુદ્ધિની યુવતીને બંધ મકાનના ઓટલે લઈ જઈ નરાધમે છેડતી કરી

સોનગઢ- ઉચ્છલ તાલુકાના એક ગામમાં ગત તા. ૮ ફેબ્રુઆરીના રોજ સાંજે આશરે પોણા આઠ વાગ્યે એક મંદબુદ્ધીની યુવતીને તેની માતાએ ગામની દુકાને સાબુ અને તપકીર લેવા માટે મોકલી હતી.

આ યુવતી જયારે ચીજવસ્તુઓ લઈને પરત ફરી રહી હતી,ત્યારે ગામમાં જ રહેતા સુનિલ ઉર્ફે બોગો વસાવા નામના શખ્સે રસ્તામાં તેને આંતરી હતી.આ યુવતી સાઈડ કાપીને નીકળવાનો પ્રયાસ કરતી હતી ત્યારે સુનિલે તેનો હાથ પકડી ખેંચી લીધી હતી.

બાજુમાં આવેલા એક બંધ મકાનના ઓટલા પર લઈ ગયો હતો. તેણે યુવતીના કપડાં ખેંચી મર્યાદા લાજવાનો પ્રયાસ કર્યો હતો.આ જોઈ ગભરાઈ ગયેલી યુવતીએ જોરજોર થી બૂમો પાડવાનું શરૂ કર્યું હતું.

એ સાથે પીડિતા મંદબુદ્ધિની હોવા છતાં તેણે અપ્રતિમ હિંમત બતાવી હતી. તેણે પોતાની પાસે રહેલી બેટરી આરોપી સુનિલના માથામાં ફટકારી દીધી હતી.

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## તંત્રી લેખ.......


તંત્રી- હિમાંશુસિંહ ઠાકોર

### વિપરિત સંજોગો સામે ટકી રહેવાની તાકાત

સફળતાની યાત્રા વ્યક્તિના મનથી જ શરૂ થાય છે. જીવનના સંઘર્ષો બળવાન, ધનવાન કે બુદ્ધિવાન વ્યક્તિ જ નથી જીતતી. પરંતુ મોડા કે વેહલાં એ જ વ્યક્તિ જીતે છે, જે એમ માનીને ચાલે છે કે તે જીતી જશે. જો તમે ખુદને પરાજિત માનો છો તો તમે પરાજિત છો. તમે જીતવા ઇચ્છો છો પણ તમે સતત વિચારો છો કે તમે નહીં જીતી શકો તો માની લો કે તમે હારી ગયા છો. ધી રુભાઇ અંબાણીની ગણના વિશ્વના ટોચના ધનાઢ્ય વ્યક્તિઓમાં થતી હતી. નાના મોટા બિઝનેસમેનોને તેઓ ઉપર લાવવામાં મદદ પણ કરતા હતા. એ સમયની આ એક સત્ય ઘટના છે.

એક વેપારી ધંધામાં બધું જ ગુમાવી બેઠો હતો. તેના પર ઘણું દેવું થઇ ગયેલું. ઉઘરાણી કરનારા દિવસ રાત તેને પરેશાન કરતાં હતા. એક સાંજે તે વેપારી એક જોગીંગ પાર્કની બેચ પર બે હાથ વચ્ચે માથું પકડી નિરાશ વદને બેઠો હતો અને બધામાંથી કેવી રીતે બહાર આવી શકાય એ અંગે સતત વિચારતો હતો. એવા સમયે એની સામે એક વૃદ્ધ સજ્જન આવી ઉભા રહ્યા.

એ વૃદ્ધ બોલ્યા, 'મિત્ર...તમે ખૂબ પરેશાન છો પણ હિંમત ન હારો. હું તમારી સાથે છું.'

એ વેપારીએ પોતાની મુશ્કેલીઓ એ વૃદ્ધને જણાવી. એ સાથે જ એ વૃદ્ધે તેના ખિસ્સામાંથી એક ચેકબુક કાઢી અને એ વેપારીનું નામ પૂછી એના નામે એક ચેક બનાવી એના હાથમાં આપતાં કહ્યું, ''આ પૈસા રાખો. મારે કોઇ બેન્ક ગેરન્ટી નથી જોઇતી. કોઇ લખાણ પણ નથી કરવું. એક વર્ષ પછી આ સમયે અને આ જગ્યાએ હું તમને ફરીથી મળીશ ત્યારે તમે મને મારા પૈસા પાછા આપી શકો છો.''

આટલું કહીને એ વૃદ્ધ સજ્જન ત્યાંથી ચાલ્યા ગયા. આ આખી ઘટનાને સરખી સમજયા પછી એ વેપારીએ બંને આંખો બરાબર ચોળી ખાત્રી કરી અને એણે પેલા ચેકને ધ્યાનથી જોયો. એક કરોડ રૂપિયા ના એ ચેક પર દુનિયાની ધનાઢ્ય વ્યક્તિ ધીરુભાઇ અંબાણીના હસ્તાક્ષર હતા !?

આ ચેક જોતાવેંત તેની આંખમાં અદ્દભુત ચમક આવી. સૌથી પહેલા તો એ વેપારી પેલા ફરિશ્તાને શોધી આભાર માનવા દૂર સુધી ગયો પરંતુ પેલા વૃદ્ધ સજ્જન તેને ક્યાંય ન દેખાયા. એ વેપારી વિચારવા લાગ્યો કે હવે તેની તમામ આર્થિક સમસ્યાઓનો ઉકેલ હાથવેંતમાં છે. એણે નક્કી કર્યું કે આ ચેક એની મૂડી છે. એના જોરે એ માર્કેટમાં પોતાની શાખ બચાવી શકશે. બસ હવે તે ગમે તેવું સાહસ કરી શકશે. એ વેપારીમાં અદ્ભુત આત્મવિશ્વાસનો સંચાર થયો.એણે નવા ઉમંગ, ઉત્સાહ સાથે નવા સાહસો કર્યા, સોદા કર્યા, સેલના નવા નુસ્ખા અજમાવી માર્કેટીંગ કર્યું. એણે નક્કી કર્યું હતું કે તે ધીરુભાઇનો ચેક ક્યારેય વટાવશે નહીં. તે એક વાતે નચિંત થઇ ગયો હતો કે એની પાસે આબરૂ બચાવવા અને ગમે તેવી આર્થિક પછડાટો સામે ટકી રહેવા માટેનું એક સાધન હાથવગું હતું. આત્મવિશ્વાસથી છલોછલ એ વેપારીએ ધંધામાં નવા સોદા કરી એક વર્ષમાં કરોડો રૂપિયા કમાઈ લીધા. એટલે પેલા વૃધ્ધ સજ્જન ને મળવા એ વેપારી નિર્ધારિત જગ્યા એ પહોચી ગયો. પેલા વૃદ્ધ સજ્જન પણ નિયત સમયે અને સ્થળે તેને ત્યાં જ મળ્યા. એ સજ્જનને ચેક પાછો આપતાં વેપારી કૃતજ્ઞાભાવે પોતાની સફળતાની વાર્તા વર્ણવવા લાગ્યો. એ આભાર માનતા કહ્યું કે, મે આ ચેક વટાવ્યો નથી બસ તમે મારી સાથે ઉભા છો એ સત્ય ને કારણે ગમે તેવા મુશ્કેલ સંજોગોમાં ટકી રહેવાની મારી તાકાત વધી ગઈ. અને હું ટકી ગયો.

એવામાં એક નર્સ દોડતી દોડતી ત્યાં આવી. તેણે એ વૃદ્ધ સજ્જનને જોઈ હાશકારો અનુભવ્યો તે બબડી ''હાશ આખરે અહીંથી જ પકડાઇ ગયો.'' નર્સે વૃદ્ધને પકડી પેલા વેપારીને કહ્યું, ''આ ડોસાએ તમને બહુ હેરાન તો નથી કર્યા ને ? આ હંમેશા ''રીહેબિલીટેશન સેન્ટર''-પુનઃસ્થાપન કેન્દ્રમાંથી ભાગી જાય છે અને લોકોને કહે છે તે ધીરુભાઈ અંબાણી છે...!... દેખાવ માં તે એવો લાગે ઓઅન છે'' - આટલું કહી પેલી નર્સ વૃદ્ધને પકડીને ત્યાંથી લઇ ગઇ. એ વેપારી હતપ્રભ થઇ ગયો. પૂરા એક વર્ષ સુધી તે એ આશાએ મોટા સાહસો કરતો રહ્યો કે એની એક કરોડ રૂપિયા પડયા હતા. તેને અહેસાસ થયો કે એ કલ્પિત ધનના સહારે જ તેનો આત્મવિશ્વાસ વધ્યો. અને આ શક્તિને કારણે જ તેણે પોતાની ગુમાવેલી સંપત્તિ પાછી મેળવી છે.

ઈનોવા તથા કીયા કાર ભાડે થી મળશે

● ૫-સિટર ● ૭-સિટર ●




સંપર્ક- અનિલભાઈ મો.97242 60058




સંપર્ક–મિતેશ દેસાઈ Mo-9879518431

બ્લોક નં. એ–૧૩૮, પ્લોટ નં. ૬, ટ્રાસપોર્ટ, કેમ્પસ, નેશનલ રોડ–૪૮, નવાગામ, ઉદ્યોગ નગર, કામરેજ સુરત

# આર્ટ્સ અને કોમર્સ કોલેજ વ્યારા ખાતે ભારતીય જ્ઞાન પરંપરા થીમ ઉપર એક દિવસીય નેશનલ સેમીનાર યોજાયો





**વ્યારા** -શ્રી ર. ફ. દાબુ કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર. પી. ચૌહાણ આર્ટ્સ એન્ડ શ્રીમતી જે.કે. શાહ એન્ડ શ્રી કે.ડી. શાહ કોમર્સ કોલેજ તથા કે. આર.પી. દરજી ઇન્ડો-અમેરિકન ઇન્સ્ટીટ્યુટ ઓફ કોમ્પ્યુટર સાયન્સ કોલેજ વ્યારા ખાતે કોલેજના IQAC સેલ અને ગુજરાતી વિભાગ તથાRUSA Component No.11 Faculty Improvement Scheme ofKnowledge Consortium of Gujarat (KCG),Promotion of Research and Facilities Scheme ofEducation department, Govt. of Gujarat ના સયુંક્તઉપક્રમે ભારતીય જ્ઞાનપરંપરા વિષય ઉપર એક દિવસીય નેશનલ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અંદાજીત ૩૨૦ જેટલા સહભાગીઓએ ભાગ લીધો હતો તે પૈકી ૬૫ જેટલા સંશોધકોએ પોતાના શોધપત્રો રજુ કર્યા હતા. જે ISSN જર્નલમાં પ્રકાશિત કરી મહેમાનોના વરદ હસ્તે તેનું વિમોચન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે કોલેજના આચાર્યશ્રી ડો. હિતેન્દ્રસિંહ ખરવાસિયાએ મહેમાનોને શાબ્દિક આવકાર આપી વ્યારા કોલેજ ખાતે RUSA અંતર્ગત KCG કચેરી ગાંધીનગર તરફથી ચાર જેટલા જુદા-જુદા વિષયને લગતા નેશનલ સેમિનારોનું આયોજન કરવાની ગુજરાત સરકાર તરફથી મંજૂરી આપવામાં આવી તે બદલ ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી તથા સ્ટેટનોડલ ઓફિસર KCG નો આભાર માની સેમિનારના સફળ આયોજન માટે કોલેજ પરિવાર અને ટેકનિકલ ટીમની સામુહિક શક્તિને બિરદાવી વર્તમાન તથા આવનાર પેઢીને જીવનના મુલ્યો કેળવવા તથા પવિત્ર અને સદાચારી જીવન જીવવા માટે પ્રાચીન ભારતીય જ્ઞાન પરંપરા માર્ગદર્શન અને પ્રેરણા પુરા પાડશે.

ભારતીય ધર્મ, બિનસાંપ્રદાયિકતા, વેદો, રામાયણ, મહાભારત, ગીતા-કર્મના સિદ્ધાંતો તથા પ્રાચીન વિદ્યાપીઠો અને ત્યાં આપવામાં આવતું શિક્ષણ પ્રાચીન ભારતે વિશ્વને આપેલો અણમોલ વરસો છે. પ્રાચીન ભારતે ભારત સહીત વિશ્વને વિવિધ વિષયોમાં જ્ઞાન સભર ભાથું પૂરું પડ્યું હતું એમ જણાવી વર્તમાન ભારત અને વિશ્વ ભારતીય-જ્ઞાન, ચિંતન અને સંસ્કૃતિમાંથી જીવન ઉપયોગીપાઠ શીખી શકે છે એમ જણાવ્યું હતું. સેમિનારના સંયોજક ડો. મેરૂભાઈવાઢેળે ભારતીય જ્ઞાન પરંપરા વિષયક કાર્યક્રમની વિસ્તૃત રૂપરેખા અને ઉપયોગીતા સમજાવી આપણી વિસરાતી જતી ભારતીય જ્ઞાન પરંપરા ઉપર વિસ્તારપૂર્વક પ્રકાશ પાડી ભારત છેક પ્રાચીન સમયથી વિશ્વગુરુની ભૂમિકા ભજવી રહ્યું છે. આજે દુનિયા ભારતીય જ્ઞાન પરંપરામાંથી વિવિધ પ્રકારનુંભાથુંશીખી જુદા-જુદા ક્ષેત્રમા પ્રગતિ કરી શકે છે એવી લાગણી વ્યક્ત કરી હતી.

## આદિવાસી સંસ્કૃતિ પર રાષ્ટ્રીય સેમિનાર યોજાયો

### આદિવાસી સમાજના રીત-રિવાજો માત્ર ધાર્મિક આસ્થા નહી પરંતુ સામાજિક એકતાનું પ્રતીક



વ્યારા- વ્યારાની આર્ટ્સ અને કોમર્સ કોલેજ ખાતે ૩ભારતીય જ્ઞાન પરંપરા દક્ષિણ ગુજરાતના આદિવાસી સમાજના વિધિ-વિધાન અને સંસ્કૃતિ વિષય પર એક દિવસીય રાષ્ટ્રીય સેમિનાર યોજાયો.

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ ડો. કિશોર સી. પોરિયાના મુખ્ય ઉદ્દબોધન સાથે ગુજરાત વિધાનસભાના નાયબ દંડક વિજયભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયેલા આ સેમિનારે વિદ્યાર્થીઓ અને સંશોધકોમાં આદિવાસી વારસા પ્રત્યે નવી દૃષ્ટિ વિકસાવી.

કુલપતિ ડો. પોરિયાએ જણાવ્યું કે આદિવાસી સમાજની જીવનશૈલી સંપૂર્ણપણે પ્રકૃતિ સાથે જોડાયેલી છે. તેમની પરંપરાઓમાં વિજ્ઞાન, પર્યાવરણ જાળવણી, ગણિત અને ભૂમિતિના ઊંડા તત્ત્વો સમાયેલા છે. ખાસ કરીને વારલી ચિત્રકલા આદિવાસી સમાજની પ્રાચીન વૈજ્ઞાનિક સમજનો જીવંત પુરાવો છે.

આવા સેમિનારો દ્વારા નવી પેઢીમાં આદિવાસી સંસ્કૃતિ પ્રત્યે જાગૃતિ વધશે અને પરંપરાગત જ્ઞાનનું સંરક્ષણ થશે.નાયબ દંડક વિજયભાઈ પટેલે જણાવ્યું કે દક્ષિણ ગુજરાતની ઓળખ તેની આદિવાસી અસ્મિતા સાથે ગાઢ રીતે જોડાયેલી છે. આદિવાસી સમાજની વિધિ-વિધાન અને રીત-રિવાજો માત્ર ધાર્મિક આસ્થા નહીં પરંતુ સામાજિક એકતાનું પ્રતીક છે.

## કીમ નદીમાં અસંખ્ય માછલીઓના મોતઃ GIDC ના કેમિકલયુક્ત પાણીથી પર્યાવરણ પ્રેમીઓમાં રોષ



માંગરોળ- સુરત જિલ્લાના માંગરોળ તાલુકાના મોટા બોરસરા ગામ નજીકથી પસાર થતી કીમ નદીમાં અસંખ્ય માછલીઓના મોત થયા છે. આ ઘટનાથી સ્થાનિક પર્યાવરણ પ્રેમીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

પ્રાથમિક તપાસ મુજબ, જીઆઇડીસીના અનેક ઔદ્યોગિક એકમો દ્વારા કેમિકલયુક્ત પ્રદૂષિત પાણી સીધું કીમ નદીમાં છોડવામાં આવે છે. આ ઝેરી પાણીના કારણે નદીમાં માછલીઓ ટપોટપ મરી રહી છે.

આવી ઘટનાઓ કીમ નદીમાં અવારનવાર બનતી રહે છે. પર્યાવરણ પ્રેમીઓએ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ ને આ મામલે કડક કાર્યવાહી કરવા અને જવાબદાર એકમો સામે પગલાં ભરવા અપીલ કરી છે. કીમ નદી માંગરોળ અને ઓલપાડ તાલુકાના ખેડૂતો માટે જીવાદોરી સમાન છે. ખેડૂતો આ નદીના પાણીનો ઉપયોગ સિંચાઈ માટે અને પશુઓને પાણી પીવડાવવા માટે કરે છે. નદીના પ્રદૂષણથી ખેતી અને પશુધન પર પણ ગંભીર અસર થવાનો ભય છે.

# સોનગઢમાં અવાવરું જગ્યાએથી ૩૦ ભેસ ભરેલી બે ટ્રકો પકડાઈ



સોનગઢ- સોનગઢ પોલીસે બાતમીના આધારે ઇસ્લામપુરા ટેકા વિસ્તારમાં સર્ચ ઓપરેશન હાથ ધરી પશુ ક્રુરતાનો મોટો ગુનો શોધી કાઢ્યો છે.ઇન્ડિયન પેટ્રોલિયમ પંપ અને તેની બાજુમાં આવેલી અવાવરુ જગ્યામાં તપાસ દરમિયાન પોલીસને બે શંકાસ્પદ ટ્રકો મળી આવી હતી,જેમાં કાયદાકીય મંજૂરી વિના અને અત્યંત ક્રૂરતાપૂર્વક પશુઓને રાજય બહાર લઈ જવાની પેરવી કરવામાં આવી રહી હતી. આ ઘટનાની વિગત મુજબ, તાપી પોલીસ કંટ્રોલ રૂમ તરફથી બાજીપુરા થી સોનગઢ તરફ પશુઓ ભરેલી ટ્રકો આવી રહી હોવાની વર્ધી મળતા સોનગઢ પોલીસ એક્શનમાં આવી હતી.

પોલીસ ટીમે સોનગઢ ટાઉન વિસ્તારમાં તપાસ હાથ ધરતા ઇસ્લામપુરા ટેકરા પાસે પેટ્રોલપંપના કંપાઉન્ડ નજીક એક ટાટા મોટર્સ GJ-૧૫-AT-૫૮૯૦ અને અશોક લેલેન્ડ GJ-૩૧-T-૫૧૯૩ ની ટ્રક બિનવારસી હાલતમાં ઉભેલી જોવા મળી હતી.જો કે પોલીસ ટીમને આવતી જોઈ બંને ટ્રકના ચાલકો નાસી છૂટ્યા હતા.

પોલીસે જયારે ટ્રકની પાછળના ભાગે બાંધેલી તાડપત્રી ખોલીને તપાસ કરી ત્યારે ચોંકાવનારા દ્રશ્યો સામે આવ્યા હતા. બંને ટ્રકોમાં ૧૦ થી ૧૪ વર્ષની વય ધરાવતી કુલ ૩૦ ભેસોને ટૂંકા દોરડા વડે ખીચોખીચ બાંધી દેવામાં આવી હતી. આ પશુઓના હલનચલન માટે પૂરતી જગ્યા નહોતી, તેમજ તળિયે માટી, ઘાસચારો કે પાણીની કોઈ પ્રાથમિક સુવિધા રાખવામાં આવી નહોતી. પશુઓના પરિવહન માટેના સક્ષમ અધિકારી કે વેટરનરી ઓફિસર ના પ્રમાણપત્રો પણ ટ્રકોમાંથી મળી આવ્યા નહોતા.બનાવના પોલીસે તપાસ અર્થે રૂ. ૨૦ લાખની કિમતની બે ટ્રકો અને રૂ.૭.૫૦ લાખની કિંમતની ૩૦ ભેસો મળી કુલ રૂ. ૨૭.૫૦ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

ફરાર થઈ ગયેલા અજાણ્યા ટ્રક ચાલકો વિરુદ્ધ પશુ ક્રૂરતા નિવારણ અધિનિયમ અને અન્ય કાયદાકીય જોગવાઈઓ હેઠળ ગુનો નોધી સોનગઢ પોલીસે તેમની શોધખોળ શરૂ કરી છે.

# સુરતમાં ફરવા લાયક ૧૩થી વધુ સ્થળોને નવા રંગરૂપ અપાશે

## હેરિટેજ, ઇન્ફ્રાસ્ટ્રક્ચર, બિઝનેસ પોટેન્શિયલને સાંકળી ગ્લોબલ ટૂરિઝમ માસ્ટર પ્લાન બનાવાશે



સુરત- સુરત હવે પ્રવાસન ક્ષેત્રે પણ આગવી ઓળખ ઊભી કરશે. શહેરના ભવ્ય સાંસ્કૃતિક વારસા, આધુનિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને બિઝનેસ પોટેન્શિયલને એક તાંતણે બાંધીને રાજય સરકાર અને પાલિકા ઇન્ટિગ્રેટેડ ટૂરિઝમ માસ્ટર ડેવલપમેન્ટ પ્લાન તૈયાર કરશે, જે અંતર્ગત સુરતને માત્ર બિઝનેસ ડેસ્ટિનેશન નહીં, પણ ફેમિલી હોલિડે સ્પોટ તરીકે વિકસાવવાનું લક્ષ્ય છે.

સુરતની ખાણીપીણી અને મહેમાનગતિ તો વખણાય જ છે હવે તેમાં વર્લ્ડ ક્લાસ લોકેશન્સ ઉમેરાશે, જે સ્થાનિક રોજગારીમાં ૨૦% સુધીનો વધારો કરી શકશે.

આ પ્લાન આગામી પથી ૧૦ વર્ષના વિઝનને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવી રહ્યો છે, જેથી સુરત ગ્લોબલ ટૂરિઝમ હબ તરીકે પણ વિકસી શકશે.

આ પ્લાનમાં હાલના ફરવા લાયક સ્થળોને પણ નવા રંગરૂપ અપાશે, જેમાં કિલ્લો, ડચ ગાર્ડન, નેચરપાર્ક, સાયન્સ સેન્ટર, ગોપી તળાવ, ઇસ્કોન, પાલ એક્વેરિયમ, લેક વ્યૂ, ડિંડોલી ફ્લાવર ગાર્ડન વગેરેનો સમાવેશ થાય છે.

ઐતિહાસિક વારસો-આધુનિકતાનો સંગમ ૧.તાપી રિવરફ્રન્ટઃ તાપીના કિનારે રિક્રિએશનલ ઝોન, ફૂડ કોર્ટ બનાવી સાથે વોટર સ્પોર્ટ્સ પણ વિકસાવાશે. ૨. હેરિટેજ વોકઃ ચોકના કિલ્લાની આસપાસના વિસ્તારને હેરિટેજ સર્કિટ તરીકે જોડીને પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બનાવાશે. ૩. શહેરમાં ઐતિહાસિક કિલ્લો, ડચ અને આર્મેનિયન કબ્રસ્તાન જેવી ભવ્ય ધરોહરો આવેલી છે.


Date- 11/02/2026 Wednesday

# ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

### પુસ્તકના વિમોચન પ્રસંગે પંથક ભક્તિમય બન્યો

## રત્નસુંદર સુરીશ્વરજીના ૫૦૦ માં પુસ્તક વિમોચનને વધાવવા માટે ગ્રામજનોએ લખ્યા ૫૦૦ પોસ્ટકાર્ડ



બારડોલી- સાહિત્ય અને ભક્તિનો સમન્વય જયારે હૃદયથી થાય છે ત્યારે તે એક અનોખો ઈતિહાસ સર્જે છે. બારડોલીથી ૧૫ કિમી દૂર આવેલા ટીબા ગામના ગ્રામજનોએ કંઈક આવું જ કરી બતાવ્યું છે.

સુપ્રસિદ્ધ જૈનાચાર્ય પરમ પૂજ્ય રત્નસુંદર સુરીશ્વરજી મહારાજ સાહેબના ૫૦૦ માં ઐતિહાસિક પુસ્તક પ્રેમનું વિશ્વ અને વિશ્વનો પ્રેમ ના વિમોચન પ્રસંગે ટીબા ગામના ગુરુભક્તોએ અનોખી રીતે પોતાની ખુશી વ્યક્ત કરી છે.

૫૦૦ પુસ્તકો સામે ૫૦૦ પોસ્ટકાર્ડની ભેટ સામાન્ય રીતે ઉત્સવોમાં ફટાકડા કે મિષ્ટાન્ન વહેંચાતા હોય છે, પરંતુ ટીબા ગામના જાગૃત અને ભક્તિભાવ ધરાવતા ગ્રામજનોએ અનોખો રાહ ચીંધ્યો છે. ગુરુદેવની જ્ઞાનયાત્રાને બિરદાવવા ગામના સૌ નાના-મોટા લોકોએ ભેગા મળી કુલ ૫૦૦ પોસ્ટકાર્ડ લખ્યા છે.

આ પોસ્ટકાર્ડમાં ગુરુદેવનું સ્વાસ્થ્ય મંગલમય રહે અને તેમનું સાહિત્ય સમાજમાં નવી ચેતના જગાડતું રહે તેવી પવિત્ર શુભેચ્છાઓ પાઠવાઇ હતી. આ અનોખા અભિયાનને સફળ બનાવવામાં બારડોલીના જાણીતા ગુરુભક્ત આનંદભાઈ શાહનું વિશેષ યોગદાન રહ્યું છે.

ગામના આગેવાનોએ જણાવ્યુંહતુંકે,અમારા ગામના ગ્રામજનો, આશ્રમશાળા ના વિદ્યાર્થીઓ એ આ ઐતિહાસિક અવસરને આટલી સુંદર રીતે યાદગાર બનાવી શક્યા છીએ.

## દક્ષિણ ગુજરાતના ખાંડ ઉદ્યોગ પર સંકટના વાદળો: પીલાણ સીઝનમાં ૨ મહિનાનો કાપ



ઓલપાડ- દક્ષિણ ગુજરાતની કરોડરજ્જુ ગણાતી સહકારી સુગર મિલો અત્યારે ઇતિહાસના સૌથી કપરા કાળમાંથી પસાર થઈ રહી છે. સાયણ, બારડોલી, કામરેજ સહિતની ૧૨ જેટલી મિલો હવે શેરડીના ઘટતા પુરવઠાને કારણે અસ્તિત્વની લડાઈ લડી રહી છે.ભૂતકાળમાં ૮ મહિના ચાલતી પીલાણ સીઝન હવે ૫ થી ૬ મહિનામાં સમેટાઈ રહી છે,

કામરેજ સુગર મિલના ચેરમેન અશ્વિન પટેલના જણાવ્યા અનુસાર, મિલોની આ દશા પાછળ અનેક પરિબળો જવાબદાર છે. સુરત અને આસપાસના શહેરોનો વિસ્તાર વધતા ખેતીલાયક જમીનોમાં મોટો ઘટાડો થયો છે. કમોસમી વરસાદ અને ભૂંડો ત્રાસ શેરડીના પાકને પાયમાલ કરી રહ્યો છે.

રાસાયણિક ખાતરો અને નિંદામણનાશક દવાઓના વધુ પડતા વપરાશથી જમીન કસ વગરની બની છે. મજૂરોની અછતથી કંટાળી ખેડૂતો શેરડી છોડીને નીલગીરી જેવા જોખમ વગરના વાવેતર તરફ વળ્યા છે. વર્ષો સુધી એક જ ખેતરમાં સતત શેરડી લેવાને કારણે ઉત્પાદક્તા ઘટી છે.

## ઠાકોર-રબારી બાદ હવે બ્રહ્મ સમાજ બનાવશે 'સામાજિક બંધારણ', લગ્નમાં થતા ખોટા ખર્ચ પર મુકાશે બ્રેક



ગુજરાતનો બ્રહ્મસમાજ હવે પરિવર્તનના પંથે છે. ગાંધીનગરમાં મળેલી બ્રહ્મસમાજની એક મહત્વપૂર્ણ બેઠકમાં સામાજિક કુરીવાજો, આર્થિક બોજ અને સમાજ વિરોધી નીતિઓ સામે ઐતિહાસિક રણશિંગુ ફૂંકવાનો નિર્ણય કરાયો છે. આ બેઠકનો સૌથી મોટો નિર્ણય એ છે કે, હવે બ્રહ્મસમાજ પોતાનું એક 'સામાજિક બંધારણ' તૈયાર કરશે. જેનો સીધો ફાયદો મધ્યમવર્ગીય પરિવારોને થશે.

સમાજ અગ્રણી યજ્ઞેશ દવેએ લગ્ન પ્રસંગોમાં થતા આંધળા ખર્ચ સામે ચિંતા વ્યક્ત કરી છે. તેમણે જણાવ્યું કે, સામાજિક દેખાદેખીમાં આજે મધ્યમવર્ગ દેવાના ડુંગર નીચે દબાઈ રહ્યો છે. જેથી આ પ્રકારનાં ખોટા રિવાજ બંધ થવા ખુબ જ જરૂરી છે.

આગામી વાર્ષિક સભામાં આ નવા સામાજિક બંધારણને અંતિમ ઓપ આપવામાં આવશે. જો કે બંધારણ બનાવતા પહેલા દરેકે દરેક તબક્કાનું મંતવ્ય લેવામાં આવશે. આ બંધારણ માત્ર ઓફિસમાં બેસીને નહીં, પણ સમગ્ર ગુજરાતના બ્રાહ્મણોના સૂચનો અને મંતવ્યો મેળવીને સર્વસંમતિથી બનાવવામાં આવશે.

માત્ર સામાજિક સુધારા જ નહીં, પણ બ્રહ્મસમાજ હવે પોતાના હકો માટે મેદાને પડ્યો છે.બેઠકમાં આક્ષેપ કરાયો હતો કે, સરકારી પરિપત્રોમાં સવર્ણ સમાજને વારંવાર નિશાન બનાવવામાં આવે છે.માટે બ્રહ્મ સમાજના પ્રમુખ અશ્વિન ત્રિવેદીએ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન ના વિવાદાસ્પદ નિયમો સામે કોર્ટના દ્વાર ખટખટાવવાની ચીમકી આપી છે.આ સાથે સમગ્ર સમાજે સ્પષ્ટ સંદેશ આપતા જણાવ્યું કે, સમાજ વિરોધી કોઈ પણ સરકારી નીતિ હવે સાંખી લેવામાં આવશે નહીં.

મનોરંજનના નામે બ્રહ્મસમાજની છબી ખરડાવતી ફિલ્મો સામે પણ કડક વલણ અપનાવાયું છે. 'ઘૂસખોર પંડત' જેવી ફિલ્મોના નામ સામે વિરોધ નોંધાવતા અશ્વિન ત્રિવેદીએ સ્પષ્ટ કર્યું કે, સમાજની લાગણી દુભાવતી પ્રવૃત્તિઓ સહન કરવામાં આવશે નહીં. આ ઉપરાંત, સુપ્રીમ કોર્ટના આદેશોનું સન્માન કરી વિવાદાસ્પદ કાર્યક્રમોથી દૂર રહેવાની પણ અપીલ કરવામાં આવી હતી.

ગામડાથી શહેર સુધી સંગઠન બનશે 'બ્રહ્મકવચ'

આગામી સમયમાં જિલ્લા અને તાલુકા સ્તરે સંગઠનને વધુ મજબૂત કરવામાં આવશે. આ સામાજિક બંધારણનો અમલ એ માત્ર નિયમ નથી, પણ સમાજના યુવાનો અને વડીલોને આર્થિક રીતે સદ્ધર કરવાનો અને એકતાના તાંતણે બાંધવાનો એક પ્રયાસ છે.

## શ્રી સાઈ પ્રશાંતિ સેવા ચેરી ટેબલ ટ્રસ્ટ બારડોલી દ્વારા ૭૩૭ માં આઈ કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું




**બારડોલી-** શ્રી સાઈ પ્રશાંતિ સેવા ચેરી ટેબલ ટ્રસ્ટ બારડોલી દ્વારા સંચાલિત શ્રી સત્ય સાઈ હોસ્પિટલ, શાસ્ત્રી રોડ, બારડોલી ખાતે તા. ૦૬/૦૨/૨૦૨૬ ને શુક્રવાર ના રોજ ૭૩૭ માં આઈ કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમ મોતિયા ના ઓપરેશનો લેન્સ સાથે ની: શુલ્ક કરવામાં આવ્યા. તેમજ દર્દી તથા તેમના સગા ને ભોજન (નારાયણ સેવા) શ્રી મહિમાબેન ચંપકભાઈ પટેલ, શામપુરા તરફ થી કરાવવામાં આવ્યું .

શ્રી સત્ય સાઈ હોસ્પિટલ, શાસ્ત્રી રોડ, બારડોલી ખાતે આંખ વિભાગ, દાંત વિભાગ અને ફિજિયો થેરાપી વિભાગ સવારે ૯.૦૦ થી ૫.૦૦ ચાલે છે અને સીવણ તથા બ્યુટી પાર્લર ના ક્લાસ વિના મૂલ્યે ચલાવવામાં આવે છે અને યોગા ક્લાસ સવારે ૬ થી ૭ ના સમય ગાળા દરમિયાન ચાલે છે. આ બધી જ સારવાર ફ્રી માં વિનામૂલ્યે કરવામાં આવે છે. બારડોલી શહેર વિસ્તાર ના જરૂરિયાત મંદ જનતાને લાભ લેવા વિનંતિ.

## શ્રી સાંદિપની વિદ્યાલયમાં યોજાઈ ગયેલો આનંદ મેળો



**કામરેજ-** દેરોદ કામરેજ માં આવેલી શ્રી સાંદિપની વિદ્યાલયમાં જ્ઞાન, આનંદ અને વિજ્ઞાન મહોત્સવ ધોરણ એકથી ૧૧ સાયન્સના વિદ્યાર્થી માટે યોજાઈ ગયો. શ્રી સાંદિપની વિદ્યાલય ફક્ત ભણતર માં આગળ એવું નથી . પરંતુ ભણતરની સાથે સાથે વિદ્યાર્થીઓમાં રહેલી સુષુપ્ત શક્તિઓને બહાર કાઢવાનું ભગીરથ કાર્ય પણ કરે છે.

શાળા ના કેમ્પસ ડાયરેક્ટર ડોક્ટર ભરતભાઈ કલસરિયા તથા જીતુભાઈ આહીર ના માર્ગદર્શન હેઠળ સમગ્ર આનંદ મેળાનું આયોજન કરવામાં આવ્યું. આ આયોજન નિહાળવા માટે માટે વિશાળ સંખ્યામાં વાલીઓ તથા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતાં. આચાર્યા શ્રીમતી સ્મિતાબેન તથા શિક્ષક ભાઈ બહેનોએ ખૂબ સારી મહેનત કરી હતી.

## કદાવર દીપડો દેખાતાં ગ્રામજનોમાં ફફડાટ:પથરોણ-તરસાડી માર્ગે કાર સામે અચાનક દીપડો આવી ગયો



મહુવા-મહુવા તાલુકામાં ઘણા સમયથી વન્ય જીવોની અવરજવર વધી રહી છે, ત્યારે પથરોણ થી તરસાડી જતા મુખ્ય માર્ગ પર દીપડો દેખાતા સ્થાનિકોમાં ભયનો માહોલ ફેલાયો છે.

રવિવારે રાત્રે એક ખેડૂત પોતાની કાર લઈને પથરોણ ગામના માહ્યાવંશી ફળિયાથી તરસાડી તરફ જઈ રહ્યા હતા. આ દરમિયાન માર્ગ પર અચાનક એક દીપડો આવી ચઢ્યો હતો. ખેડૂતે સમયસૂચકતા વાપરી દીપડાનો વીડિયો પોતાના મોબાઇલમાં કેદ કર્યો હતો અને ત્યારબાદ આ વીડિયો ગામના સોશિયલ મીડિયા ગ્રુપમાં વાયરલ કર્યો હતો. વીડિયો સામે આવ્યા બાદ ગામમાં જાગૃતિ જોવા મળી હતી. માહ્યાવંશી ફળિયાના રહેવાસી રિકેશ પરમાર અને વર્ષાબેન દ્વારા તાત્કાલિક આ અંગે ફ્રેન્ડ્સ ઓફ એનિમલ્સ વેલ્ફેર ટ્રસ્ટના પ્રમુખ જતીન રાઠોડનો સંપર્ક કરવામાં આવ્યો હતો. જતીન રાઠોડે આ મામલે ગંભીરતા દાખવી મહુવા વન વિભાગ ને જાણ કરી હતી. તેમણે વન વિભાગને વીડિયો પુરાવા તરીકે મોકલી આપી, લોકોની સુરક્ષાને ધ્યાને રાખી આ વિસ્તારમાં તાત્કાલિક પાંજરૂ મૂકવા માટે માંગ કરી છે.

ખેતર અને સીમ વિસ્તારમાં દીપડો દેખાતા હવે ખેડૂતો અને મજૂરો રાત્રિ દરમિયાન અવરજવર કરવામાં ભય અનુભવી રહ્યા છે.ત્યારે વન વિભાગ વહેલી તકે દીપડાને પાંજરે પૂરે તેવી લોકમાંગ ઉઠી છે.













ગ્રાઉન્ડ ફલોર ની દુકાન વેચવાની છે....!!
૧) બારડોલી-શાસ્ત્રી રોડ ૨) ઘામળોદ રોડ
શાસ્ત્રી રોડ પર રો -હાઉસ, બંગલો લેવા માટે સંપર્ક કરો
Mo. 9016924808

OWNER, PRINTER, PUBLISHER & EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR . PUBLISHED FROM- GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT. LIMDA FALIYA, VTC. PALI, PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ, SURAT. GUJARAT-394310. (Social media)